અમેરિકા-ઈરાન મંત્રણા પર હવે અણુ મથક નિરીક્ષણ વિવાદનો ઓછાયો

ઇરાન તેના અણુ મથકોનું નિરીક્ષણ કરવા દેવા તૈયાર થયું હોવાનો ટ્રમ્પનો દાવો, ઇરાનનો ઇન્કાર

વોશિંગ્ટન,ઇસ્લામાબાદ, ૨૩ જૂન: અમેરિકા અને ઈરાન વચ્ચે મંગળવારે એ બાબતે વિવાદ સર્જાયો હતો કે શું તેહરાન યુએન (UN) ના નિરીક્ષકોને બોમ્બમારો કરાયેલી ઈરાનની પરમાણુ સાઇટ્સની મુલાકાત લેવાની મંજૂરી આપવા માટે સહમત થયું છે કે કેમ. આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અધિકારીઓ તેમના વચ્ચેના યુદ્ધનો કાયમી અંત લાવવા માટેની વાટાઘાટોમાં મધ્યસ્થી કરી રહ્યા છે અને લેબનોનમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે.

આ વિરોધાભાસી અહેવાલો ત્યારે સામે આવ્યા છે જ્યારે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાની અધિકારીઓ સાથે મુલાકાત કરી રહ્યા છે અને સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી વાતચીત બાદ ટેકનિકલ ટીમો તેની વિગતો પર કામ કરી રહી છે. તેહરાનમાં ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઈલ બઘાઈએ પત્રકારોને જણાવ્યું હતું કે યુએનના નિરીક્ષકો ગયા વર્ષે અમેરિકા દ્વારા બોમ્બમારો કરાયેલી પરમાણુ સાઇટ્સની તપાસ કરવાના નથી. આ રીતે તેમણે અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ દ્વારા એક દિવસ પહેલા કરાયેલા નિવેદનનું ખંડન કર્યું હતું. તેના જવાબમાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે ઈરાન લાંબા ભવિષ્ય સુધી પરમાણુ નિરીક્ષણો માટે સંમત થયું છે, અને ઉમેર્યું કે આ છૂટછાટ વિના આગળ કોઈ વાટાઘાટો થશે નહીં! ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ તેની સંભવિત ભૂમિકા અંગેની ટિપ્પણી માટેની વિનંતીઓનો કોઈ જવાબ આપ્યો નથી.

હોર્મુઝ ખુલ્યા બાદ એક જ દિવસમાં 1.9 કરોડ બેરલ તેલ પસાર થયું

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે હોર્મુઝ જલમાર્ગ ખુલ્યા બાદ એક જ દિવસમાં 1.9 કરોડ બેરલ તેલ હોર્મુઝમાંથી પસાર થઈ ચૂક્યું છે. તેમના આ નિવેદને વૈશ્વિક તેલ બજારમાં નવી હલચલ મચાવી દીધી છે. ટ્રમ્પે જણાવ્યું છે કે ક્રૂડ ઓઇલની કિંમતો ઝડપથી ઘટી રહી છે અને તેલનો પુરવઠો સરળ બની રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ગઈકાલે હોર્મુઝ સામુદ્રધૂનિમાંથી રેકોર્ડ 19 મિલિયન બેરલ તેલનો પ્રવાહ વહ્યો હતો. ટ્રમ્પનું કહેવું છે કે આ અત્યાર સુધીનો સૌથી મોટો ઓલ-ટાઇમ રેકોર્ડ છે. આ ભારે પુરવઠાના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની કિંમતો ઝડપથી નીચે આવી રહી છે.

ટ્રમ્પ કહે છે: ઇરાન અમેરિકી મકાઇ, સોયાબીન, ઘઉં ખરીદશે!

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની શાંતિ વાટાઘાટોને અમેરિકાના ખેડૂતો માટે એક મોટી જીત ગણાવી છે. તેમણે જણાવ્યું છે કે, ઈરાનના ફ્રીઝ કરાયેલા નાણાને મુક્ત કરવાની બાબતને તે દેશ દ્વારા અમેરિકામાં ઉગાડવામાં આવતી મકાઈ, સોયાબીન અને ઘઉંની ખરીદી સાથે જોડવામાં આવશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું, આ એવી વસ્તુઓ છે જેની ઈરાનને ખૂબ જ સખત જરૂર છે. આ એક માનવીય સંકટ છે, અને મને લાગે છે કે મદદ કરવી જરૂરી છે. ટ્રમ્પ આ ફ્રીઝ કરાયેલા ભંડોળ મુક્ત કરવાના બદલામાં અમેરિકી કૃષિ પેદાશો ખરીદવાની શરત મૂકી શકે છે. પરંતુ, ઈરાન દ્વારા અમેરિકાના કૃષિ ઉત્પાદનોની મોટા પાયે ખરીદી શરૂ કરવાની શક્યતા ઓછી છે. ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના રિસર્ચ ફેલો એમિરિટસ જોસેફ ગ્લૌબરે જણાવ્યું હતું કે, મને નથી લાગતું કે ટૂંકા ગાળામાં આ વેપાર બહુ મોટો હશે. ગ્લૌબરે નોંધ્યું હતું કે, ઈરાન અનાજ માટે તેના અન્ય વેપારી ભાગીદારોને છોડીને અમેરિકા તરફ વળે તેવી શક્યતા નથી. તેમણે જણાવ્યું કે, ઈરાનના મુખ્ય સપ્લાયર્સમાં બ્રાઝિલ, ભારત, તુર્કી, યુરોપિયન યુનિયન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને આર્જેન્ટિનાનો સમાવેશ થાય છે અને અમેરિકા પાસેથી જ ખરીદી કરવાની ટ્રમ્પની શરત આપણા કેટલાક સ્પર્ધકો સાથે સંબંધોમાં કડવાશ પેદા કરશે.

ભારતીયોનાં મોત બાદ પીએમ મોદીને કતારના અમીરનો ફોન

નવી દિલ્હી, તા. 23: કતારના રાસ લફાન ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા એક ગેસ પ્લાન્ટમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં 12 ભારતીય નાગરિકોના કરૂણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનાના બીજા દિવસે કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને શોક વ્યક્ત કર્યો હતો. વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી આપતા કતારના અમીરનો આભાર માન્યો હતો. તેમણે લખ્યું કે, રાસ લફાન ઇન્ડસ્ટ્રિયલ સિટી અકસ્માતમાં ભારતીય નાગરિકોના જીવ ગુમાવવા બદલ કતારના અમીરે સંવેદના વ્યક્ત કરી છે. અમે બંને આ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારોના દુઃખમાં સહભાગી છીએ અને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરીએ છીએ. ભારત અને કતાર પોતાના નાગરિકોની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે મક્કમ છે અને આ મુશ્કેલ સમયમાં એકબીજાની સાથે ઊભા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, કતારએનર્જી એલએનજી દ્વારા સંચાલિત બારઝાન સ્થાનિક ગેસ સપ્લાય ફેક્ટરીમાં થયેલા આ બ્લાસ્ટમાં કુલ 13 લોકોનાં મોત થયાં છે, જેમાંથી 12 ભારતીયો છે. આ દુર્ઘટનામાં વિવિધ દેશોના 66 લોકો ઇજાગ્રસ્ત થયા છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ ઘટના અત્યંત કમનસીબ છે. ઇજાગ્રસ્ત થયેલા તમામ ભારતીય નાગરિકો હાલ સુરક્ષિત છે. ભારત સરકાર મૃતકોના પાર્થિવ દેહની ઓળખ કરવા અને તેને ભારત પરત લાવવા માટે કતારના સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છે. આ સાથે જ વિદેશ મંત્રાલય મૃતક પરિવારોના સભ્યો સાથે પણ સંકલન સાધી રહ્યું છે.

રોહિત શર્મા, અલકા યાજ્ઞિક, માધવનને પદ્મ પુરસ્કાર એનાયત

નાગાલેન્ડના 83 વર્ષીય લોક કલાકાર ગુરુ સાંગ્યુસાંગ પોંગેનર પરંપરાગત પોશાકમાં સ્ટેજ પર આવતા લોકોએ તેમને તાળીઓથી વધાવી લીધા

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંગળવારે રાષ્ટ્રપતિ ભવનના ગણતંત્ર મંડપમાં યોજાયેલા બીજા નાગરિક સન્માન સમારોહમાં દેશની અનેક અગ્રણી હસ્તીઓને પ્રતિષ્ઠિત પદ્મ પુરસ્કાર એનાયત કર્યા હતા. આ સમારંભનીમાં રાષ્ટ્રપતિએ પૂર્વ જજ કે ટી થોમસ અને મલયાળમ પત્રકાર પી નારાયણને 'પદ્મ વિભૂષણ' અર્પણ કર્યો હતો. જ્યારે પ્રખ્યાત ગાયિકા અલ્કા યાજ્ઞિક, અભિનેતા મમ્મુટી, ટેનિસ દિગ્ગજ વિજય અમૃતરાજ અને દિવંગત નેતા શિબુ સોરેન (મરણોત્તર, પુરસ્કાર પત્નીએ સ્વીકાર્યો) ને 'પદ્મ ભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતને ટી20 (T20) વર્લ્ડકપ જીતાડનાર ક્રિકેટર રોહિત શર્મા અને હોકી ખેલાડી સવિતા પુનિયાને 'પદ્મ શ્રી' એનાયત કરાયો હતો. આ ઉપરાંત, જાણીતા અભિનેતા સતીશ શાહને મરણોત્તર 'પદ્મ શ્રી' આપવામાં આવ્યો હતો, જે તેમના ભાઈએ સ્વીકાર્યો હતો. પ્રસાર ભારતીના પૂર્વ સીઈઓ શશિ શેખર વેમ્પતિ અને અભિનેતા આર માધવનને પણ પદ્મ શ્રી અપાયો હતો.

નાગાલેન્ડના 83 વર્ષીય લોક કલાકાર ગુરુ સાંગ્યુસાંગ પોંગેનર પરંપરાગત પોશાકમાં ઉત્સાહભેર સ્ટેજ પર આવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત સૌએ તાળીઓથી તેમને વધાવી લીધા હતા.

આ સમારોહમાં રાષ્ટ્રપતિએ 2 પદ્મ વિભૂષણ, 7 પદ્મ ભૂષણ અને 56 પદ્મ શ્રી સહિત કુલ 65 પદ્મ પુરસ્કારો એનાયત કર્યા હતા, જેની જાહેરાત પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ કરવામાં આવી હતી.

બ્રા અને અન્ડરગાર્મેન્ટ્સમાં હાથ નાખીને ચેકિંગ કરાતું હતું

NEET સેન્ટર પર વિદ્યાર્થિનીઓનું પેડ ચેક કરવા પેન્ટ ઉતરાવ્યું

કેટલાક કેન્દ્રો પર શારીરિક ચકાસણી વખતે હદ વટાવાઇ ગઇ હોવાના આક્ષેપો

વિદ્યાર્થીનીઓના સેનેટરી પેડ્સ પણ ચકાસાયા: NEET પરીક્ષામાં અંગઝડતીના ચોંકાવનારા કિસ્સા

નવી દિલ્હી, તા. ૨૩: નીટ ફેર પરીક્ષા દરમ્યાન કેટલાક કેન્દ્રો પર ખાસ કરીને વિદ્યાર્થીનીઓ સાથે અભદ્ર વ્યવહારના ચોંકાવનારા અહેવાલો આવ્યા છે.

સોશિયલ મીડિયા પર અત્યારે વ્યાપક આક્રોશ જગાડનારી એક પોસ્ટમાં, હૃષીકા નામની છોકરીએ આરોપ લગાવ્યો છે કે પશ્ચિમ બંગાળની માલદા વિભૂતિભૂષણ હાઈસ્કૂલ સ્થિત તેના પરીક્ષા કેન્દ્ર પર

શારીરિક ચકાસણી દરમિયાન તેને પૂછવામાં આવ્યું હતું કે શું તેને માસિક ધર્મ ચાલી રહ્યો છે.

તેણે હામાં જવાબ આપ્યા પછી, તેણીનું કહેવું છે કે એક મહિલા સ્ટાફ મેમ્બરે તેને તેનું પેન્ટ નીચે કરવા કહ્યું જેથી તેના સેનિટરી પેડની તપાસ કરી શકાય. મને આઘાત લાગ્યો, શરમ અનુભવાઈ અને ના પાડવા માટે હું અસહાય હતી કારણ કે, કોઈપણ ઉમેદવારની જેમ મને પણ ડર હતો કે નિયમોનું પાલન ન કરવાથી પરીક્ષાખંડમાં મારા પ્રવેશ પર અસર પડી શકે છે એમ તેણીએ લખ્યું.

આ વિવાદ સૌપ્રથમ ત્યારે સામે આવ્યો જ્યારે ડૉક્ટર અને શિક્ષક ડૉ. નચિકેત ભાટિયાએ સોશિયલ મીડિયા પર પશ્ચિમ બંગાળની એક રી-NEET ઉમેદવારની આપવીતી રજૂ કરી.

પરંતુ હૃષીકાએ પોતે આ અનુભવ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા પછી, આ પોસ્ટ ઝડપથી વાયરલ થઈ ગઈ. અને ત્યારપછી જે બન્યું તે દર્શાવે છે કે આ કોઈ એકલદોકલ ઘટના નહોતી.

તેણીની પોસ્ટની નીચે આવેલી સેંકડો ટિપ્પણીઓએ હવે આ વાર્તાને એક વિદ્યાર્થીની આપવીતીમાંથી ફેરવીને એક વ્યાપક ચર્ચામાં બદલી નાખી છે કે પરીક્ષાની સુરક્ષા ક્યાં પૂરી થાય છે અને વ્યક્તિગત ગરિમા ક્યાંથી શરૂ થાય છે. એક છોકરી દાવો કર્યો: "તે મારી સાથે અને મારી ઘણી બધી સહેલીઓ સાથે પણ થયું છે, તેઓએ માત્ર કપડાની અંદર જ નહીં પરંતુ અન્ડરગાર્મેન્ટ્સની અંદર પણ ઉપર અને નીચે બંને તરફ હાથ નાખ્યા હતા. એકે લખ્યું: "મારા કેન્દ્ર પર મહિલા સ્ટાફ મહિલા ઉમેદવારોને ચેક કરવા માટે બ્રાની અંદર હાથ નાખી રહી હતી.

જ્યાં હાઈવે બનવાના ત્યાં જમીન ખરીદી

એમપીના સીએમ મોહન યાદવના પરિવારે ખરીદી 168 એકર જમીન

મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા તે પછી તેમના પરિવારે ઉજ્જૈનની આસપાસ આશરે રૂ. 45 કરોડના ખર્ચે 137 પ્લોટ ખરીદ્યા

111 એકર જમીન એવા વિસ્તારોની નજીક છે જ્યાં મોહન યાદવ સરકારે માર્ગ અને હાઈવે પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી

ઉજ્જૈન, તા. 23: મધ્ય પ્રદેશનું ઉજ્જૈન શહેરમાં હાલમાં મોટા પાયે શહેરી વિકાસ થઈ રહ્યું છે, જ્યાં નવા રસ્તાઓ, હાઈવે અને જમીન વપરાશના ફેરફારોને કારણે રિયલ એસ્ટેટ તેજીમાં છે. એક મીડિયા સંસ્થાની તપાસમાં ખુલાસો થયો છે કે મુખ્યમંત્રી મોહન યાદવના પરિવારે ઉજ્જૈનમાં મોટા પાયે જમીનો ખરીદી છે.

મોહન યાદવ 13 ડિસેમ્બર 2023ના રોજ મુખ્યમંત્રી બન્યા તે પછી તેમના પરિવારે અને તેમની રિયલ એસ્ટેટ કંપનીઓએ ઉજ્જૈનની આસપાસ આશરે 45 કરોડ રૂપિયાના ખર્ચે ઓછામાં ઓછા 137 પ્લોટ ખરીદ્યા છે, જે કુલ 168 એકર જમીન થાય છે. ચોંકાવનારી વિગત એ છે કે મોહન યાદવના પરિવારે ખરીદેલી 168 એકર જમીનમાંથી 111 એકર જમીન એવા વિસ્તારોની નજીક આવેલી છે, જ્યાં જાન્યુઆરી 2024માં મુખ્યમંત્રી બન્યા બાદ મોહન યાદવ સરકારે નવી માર્ગ અને હાઈવે પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ્સને કારણે ભવિષ્યમાં આ જમીનોના ભાવ ખૂબ વધવાના છે.

AI ક્ષેત્રે Nvidiaની મોટી ક્રાંતિ

ડેટા સેન્ટર્સમાં પાણીનો વપરાશ હવે થઈ જશે 'ઝીરો'

ન્યૂયોર્ક, તા. ૨૩: Nvidiaએ એઆઈ ડેટા સેન્ટર્સ માટે કૂલિંગનો નવો અભિગમ રજૂ કર્યો છે, જે તેના જણાવ્યા અનુસાર પાણીના વપરાશને શૂન્યની નજીક લાવી શકે છે, કારણ કે ઉદ્યોગ શક્તિશાળી AI સિસ્ટમ્સથી વધતી ઊર્જાની માંગ સામે સંઘર્ષ કરી રહ્યો છે. કંપનીની નવીનતમ રુબિન-જનરેશન ઇન્ફ્રા. સંપૂર્ણ લિક્વિડ-કૂલ્ડ ડિઝાઈનનો ઉપયોગ કરે છે જે પરંપરાગત એર કૂલિંગને દૂર કરે છે અને પાણી આધારિત કૂલિંગ પદ્ધતિઓ પરની નિર્ભરતાને નોંધપાત્ર રીતે ઘટાડે છે. તેનો હેતુ સ્થાનિક જળ સંસાધનો પર દબાણ વધાર્યા વિના હાઇ-પર્ફોર્મન્સ AI કમ્પ્યુટિંગને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે.

આ સિસ્ટમમાં, સીલબંધ કોલ્ડ પ્લેટ્સમાંથી વહેતા પ્રવાહીનો ઉપયોગ કરીને સીધા ચિપ સ્તરેથી ગરમી દૂર કરવામાં આવે છે.

કૂલન્ટ ગરમીને શોષી લે છે અને બંધ લૂપમાં ફરે છે, જેનો અર્થ છે કે તેનો વપરાશ થવાને બદલે સતત ફરીથી ઉપયોગ થાય છે.

વિશ્વના સૌથી મોટા અવાજનો રેકર્ડ ઓસ્ટ્રેલિયાના જોસેફના નામે

કેનબેરામાં રહેતા જોસેફ મેકગ્રેઇલ ઢંઢેરો પીટવાનું કામ કરે છે

૧૨૨.૪ ડેસિબલનો તીવ્રતાનો અવાજ કાઢીને નવો વિક્રમ સ્થાપ્યો, નોર્થ આયર્લેન્ડની શિક્ષિકાનો ૧૨૧.૭ ડેસિબલનો રેકર્ડ તૂટ્યો

મેલબોર્ન, તા. ૨૩(એપી): ઓસ્ટ્રેલિયાના એક પ્રોફેશનલ એર કંડિશનર ક્લીનર અને માનદ 'ટાઉન ક્રાયર'(નગરના ઢંઢેરા પીટનાર) જોસેફ મેકગ્રેઇલ-બેટઅપને વિશ્વના સૌથી મોટો અવાજ ધરાવતા(લાઉડેસ્ટ) વ્યક્તિ તરીકે માન્યતા આપવામાં આવી છે. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સે ગયા અઠવાડિયે સ્વીકાર્યું હતું કે કેનબેરાના ૫૮ વર્ષીય રહેવાસીએ કોઈ વ્યક્તિ દ્વારા અત્યાર સુધીની સૌથી મોટેથી પાડેલી બૂમ રેકોર્ડ કરી છે. તેમણે ૧૨૨.૪ ડેસિબલની તીવ્રતા પર નાવ (now - અત્યારે) શબ્દની બૂમ પાડી હતી. આ સાથે જ તેમણે ૧૯૯૪માં ઉત્તરી આયર્લેન્ડની શાળાના શિક્ષિકા અન્નાલિસા ફ્લેનાગન દ્વારા સ્થાપિત ૧૨૧.૭ ડેસિબલનો અગાઉનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અન્નાલિસાએ કાન ફાડી નાખે તેવી રીતે ક્વાઇટ(શાંતિ રાખો) શબ્દની બૂમ પાડી હતી. મેકગ્રેઇલ-બેટઅપનો આ અવાજ ચેન શૉ (કરવત), ટેકઓફ કરી રહેલા જેટ એરક્રાફ્ટ અને નજીકથી સંભળાતા એમ્બ્યુલન્સના સાયરનની અવાજની શ્રેણીમાં આવે છે. મેકગ્રેઇલ-બેટઅપે મંગળવારે જણાવ્યું હતું કે, આ વર્લ્ડ રેકોર્ડનો પ્રયાસ એવો નહોતો કે જેના માટે તેઓ અગાઉથી કોઈ ટ્રેનિંગ કે પ્રેક્ટિસ કરી શકે.

ભારત - અમેરિકા વચ્ચે ઉચ્ચ સ્તરીય વેપાર મંત્રણાનો આરંભ

દિલ્હી આવેલા અમેરિકી પ્રતિનિધિઓ સાથે મંત્રણા શરૂ થઇ

૨૪ જુલાઇ પહેલા વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવાના પ્રયાસો

નાણા મંત્રી સીતારમણે પણ અમેરિકી પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને યુએસ પ્રતિનિધિ જેમિશન ગ્રીર વચ્ચે વાણિજ્ય ભવનમાં મહામંથન; ૨૪ જુલાઈ પહેલા વચગાળાની ડીલ પર નજર

નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઈ): ભારત અને અમેરિકાએ મંગળવારે ઉચ્ચ સ્તરીય વેપાર મંત્રણા શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય ચાલુ વર્ષની શરૂઆતમાં વાટાઘાટો કરાયેલા માળખાને અમેરિકાની ટેરિફ નીતિમાં ફેરફારોને કારણે મોટો ઝટકો લાગ્યા બાદ, સૂચિત દ્વિપક્ષીય વેપાર કરારને બચાવવાનો અને તેને પુનઃવ્યવસ્થિત કરવાનો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે અહીં અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિશન ગ્રીર સાથે મુલાકાત કરી હતી, જ્યારે કે બંને પક્ષો ૨૪ જુલાઈ પહેલા વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવા માંગે છે, જ્યારે વોશિંગ્ટન દ્વારા તેના વેપારી ભાગીદારો પાસેથી આયાત પર લાદવામાં આવેલી કામચલાઉ ૧૦ ટકા ટેરિફની મુદત પૂરી થવા જઈ રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ એમ્બેસેડર જેમિશન ગ્રીર, ભારતમાં અમેરિકાના એમ્બેસેડર સર્જીયો ગોર અને તેમના પ્રતિનિધિમંડળનું વાણિજ્ય મંત્રાલય (@DoC^GoI) માં હાર્દિક સ્વાગત છે. દ્વિપક્ષીય વેપાર કરાર પર ફળદાયી ચર્ચાઓની અપેક્ષા છે. દિવસ દરમ્યાન, નાણા મંત્રી નિર્મલા સીતારમણે પણ અમેરિકી પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી.

12 રૂપિયાનું ડાયપર લીક નથી થતું, તો NTAથી પેપર કેમ લીક થાય છે?

CJPએ પેપર લીકના વિરોધમાં 'ડાયપર ડોનેશન ડ્રાઈવ' શરૂ કરી

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): નીટ (NEET-UG) પરીક્ષાના કથિત પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કોકરોચ જનતા પાર્ટીએ (CJP) મંગળવારે એક અનોખી 'ડાયપર ડોનેશન ડ્રાઈવ' (ડાયપર દાન અભિયાન)ની જાહેરાત કરી છે.

દિલ્હીના જંતર-મંતર ખાતે શનિવારથી ચાલી રહેલા આ ધરણા પ્રદર્શનના ચોથા દિવસે પાર્ટીએ સમર્થકોને અપીલ કરી છે કે તેઓ પ્રદર્શન સ્થળે ડાયપર લઈને આવે અને તેના પર શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ લખીને 'ડાયપર એ ડે કીપ્સ લીક્સ અવે' અભિયાનમાં ભાગ લે. પાર્ટીએ જણાવ્યું કે આ ડાયપર તેઓ શિક્ષણ મંત્રી સુધી પહોંચાડશે.

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર ૧૯-એનઈ, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦ ૦૨૮

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨નો ૫૪) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે દર્શાવેલા લોનધારક(ઓ)/જામીનદાર(ઓ)ને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરીને સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવવા જણાવ્યું હતું. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા હોવાથી લોનધારક(ઓ)/સહ-લોનધારક(ઓ) /જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ ૧૩(૪) સાથે વંચાતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

સુરક્ષિત અસ્કયામતો (મિલકત) છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, લોનધારકનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

ક્રમ નં.	લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ)નું નામ / ખાતા નં./શાખા	સુરક્ષિત અસ્કયામતો (મિલકત)ની ટૂંકી વિગત	ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ
1.	રાજેશ મનજીભાઈ રાઠોડ / મનજીભાઈ કરશનભાઈ રાઠોડ / ૦૦૪-૦૦૪૦૪૪૪૬ / સુરત	ફ્લેટ નં-એ-૨૧૧, ૨જો માળ, બિલ્ડિંગ એ, આર.એસ નં-૩૬૧, બ્લોક નં. ૩૪૮, શિવમ રેસિડેન્સી, નાનસદ રોડ પાસે, દાદા ભગવાન મંદિર નજીક, કામરેજ, સુરત-૩૯૪૧૮૫ ગુજરાત. જેની સીમાઓ ઉત્તરઃ બી વિંગ, દક્ષિણેઃ સોસાયટી, પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ સોસાયટી છે.	૧૩-જાન્યુ-૨૦૨૦ / રૂ. ૬,૫૯,૭૭૪/- (રૂપિયા છ લાખ ઓગણસાઠ હજાર સાતસો ચુમોતેર પૂરા).	૧૯-જૂન-૨૦૨૬
2.	રત્નાભાઈ કામાભાઈ આલ / ભાવનાબેન રત્નાભાઈ આલ / ૦૦૪-૦૦૪૦૧૨૨૧ / સુરત	ફ્લેટ નં.૩૦૫, ૩જો માળ, લોર્ડ ક્રિષ્ના રેસિડેન્સી, નાનસદ ચોકડીવાવ રોડ, સુરત, ગુજરાત-૩૯૪૧૮૫. જેની વધુ વિગતો સબ રજિસ્ટ્રાર કામરેજની કચેરીમાં તારીખ ૦૬-જુલાઈ-૧૭ના રોજ રજિસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ નંબર ૧૪૮૯૭-૨૦૧૭માં ઉલ્લેખિત છે. જેની સીમાઓઃ ઉત્તરે- રોડ, દક્ષિણે- રોડ, પૂર્વે- રોડ, પશ્ચિમે- ખુલ્લી જગ્યા છે.	૨૫-માર્ચ-૨૦૨૧ / રૂ. ૯,૭૫,૪૮૬/- (રૂપિયા નવ લાખ પંચોતેર હજાર ચારસો છયાસી પૂરા).	૧૯-જૂન-૨૦૨૬

તારીખઃ ૨૪ જૂન, ૨૦૨૬
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)

IDFC FIRST Bank

CIN: L65110TN2014PLC097792

નોંધાયેલી ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.

ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002' અંતર્ગત અને સદરહુ અધિનિયમની કલમ 13(12) સાથે વંચાણમાં લેવાતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે એક ડિમાન્ડ નોટિસ જાહેર કરીને લોનધારક/સહ-લોનધારકો અને જામીનદારોને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નીચે દર્શાવેલી રકમની સાથે ડિમાન્ડ નોટિસની તારીખથી ચુકવણી/વસૂલાત સુધીનું આગળનું વ્યાજ અને અન્ય શુલ્ક ચૂકવી દેવા માટે જણાવ્યું હતું.

લોનધારક/સહ-લોનધારકો/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લોનધારક/સહ-લોનધારકો/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદરહુ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાણમાં લેવાતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ આ નોટિસમાં નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો મેળવી લીધો છે.

લોન ખાતા નંબર	લોનધારક/ સહ-લોનધારક અને જામીનદારોના નામ	ગીરો મુકેલી મિલકતોનું વર્ણન	ડિમાન્ડ નોટિસની તારીખ	ડિમાન્ડ નોટિસની બાકી નીકળતી રકમ (રૂ.)	કબ્જો લીધાની તારીખ અને પ્રકાર
21205170	૧. પ્રકાશભાઈ સોમાભાઈ વસાવા ૨. સંગીતાબેન પ્રકાશભાઈ વસાવા	મોજે ગામઃ નેત્રંગ, તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૧૮૦ માં જુના બ્લોક નં. ૬૦ રી-સર્વે પછીના નવા બ્લોક નં. ખાતે આવેલ "વીર રેસીડેન્સી, A થી D ટાઈપ" માં ૭/૧૨ ના મહેસૂલી રેકોર્ડ મુજબ પ્લોટ નં. ૧૬૩ (પાસિંગ પ્લાન મુજબ પ્લોટ નં. B-૧૬૩) ક્ષેત્રફળ ૪૨.૪૧ ચો.મી. એટલે કે ૫૦.૭૨ ચો.વાર વાળી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, તેમજ ૨૬.૪૪ ચો.મી. જમીનમાં અવિભાજિત હિસ્સા સહિત. જેની સરહદો આ મુજબ છેઃ પૂર્વઃ પ્લોટ નં. ૧૩૬, પશ્ચિમઃ સોસાયટીનો રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૧૬૪, દક્ષિણઃ પ્લોટ નં. ૧૬૨.	19.11.2025	Rs. 9,95,053.04/-	21-06-2026 કબ્જો
26651881 & 26627347	૧. મુકેશભાઈ પરસોત્તમભાઈ પડસાલા ૨. હંસાબેન મુકેશભાઈ પડસાલા	મોજેઃ મોતા, તાલુકોઃ બારડોલી, જીલ્લોઃ સુરત, રાજ્યઃ ગુજરાત-૩૯૪૩૪૫ ખાતે આવેલ બ્લોક નં. ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૮, ૨૪૦, ૨૪૧, ૨૪૫, ૨૪૬ વાળી જમીન પર વિકસાવવામાં આવેલ "રામ કૃષ્ણ રેસીડેન્સી-૧", જે અમલગમેશન પછી નવો બ્લોક નં. ૨૩૦ થયો છે, તેમાં પ્લોટ નં. ૩૨, ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી. એટલે કે ૪૮.૦૦ ચો.વાર (કે.જે.પી. બ્લોક નં. ૨૩૦/૩૨ પછી) નો ઓપન પ્લોટ, તેમજ રોડ અને સી.ઓ.પી. ની ૨૨.૦૧ ચો.મી. જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સહિતની મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. જેની સરહદો આ મુજબ છેઃ પૂર્વઃ પ્લોટ નં. ૨૭, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૩૩, દક્ષિણઃ પ્લોટ નં. ૩૧.	13.09.2025	Rs. 16,29,961.86/-	21-06-2026 કબ્જો
42026617	૧. મનોજ દિનકર ડોંગરે ૨. કલ્પના મનોજ ડોંગરે	મોજે ગામઃ કડોદરા, તાલુકોઃ પલસાણા, જીલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૩૨૫ ખાતે આવેલ બ્લોક નં. ૧૪૨ (પુનઃગઠિત જમીન નં. ૧૪૨/૨ મુજબ) માં આવેલ "મન્વય રેસીડેન્સી, ટાઇપ A" ના ૭મા માળ પર પાસિંગ પ્લાન મુજબ ફ્લેટ નં. A/૧૨ (બુકિંગ નં. A/૧-૭૦૨ મુજબ), જેનું બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૩૯૯.૧૧ ચો.ફૂટ એટલે કે ૩૬.૧૫ ચો.મી. અને કાર્પેટ ક્ષેત્રફળ ૩૫૯.૬૨ ચો.ફૂટ એટલે કે ૩૩.૪૧ ચો.મી. છે, તેની જમીનમાં અવિભાજિત હિસ્સા સહિતની મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. જેની સરહદો આ મુજબ છેઃ પૂર્વઃ બ્લોક નં. ૧૨૦, પશ્ચિમઃ બ્લોક નં. ૧૪૦-૧૪૧, ઉત્તરઃ બ્લોક નં. ૧૨૧ અને ૧૩૨, દક્ષિણઃ રોડ.	04.11.2025	Rs. 7,35,447.69/-	21-06-2026 કબ્જો

ખાસ કરીને લોનધારક/સહ-લોનધારકો/જામીનદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે, અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ અને તે પર ડિમાન્ડ નોટિસની તારીખથી ચૂકવણી/વસૂલાત સુધીના આગળના વ્યાજ તેમજ અન્ય શુલ્ક માટે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના ચાર્જને આધીન રહેશે.

તારીખઃ 21-06-2026
સ્થળઃ ગુજરાત

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

IDFC FIRST Bank

| CIN: L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસઃ -કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031. ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022

ધ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ

નીચે દર્શાવેલા લોનધારકો અને સહ-લોનધારકોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે ઉલ્લેખિત સુરક્ષિત લોન લીધેલ છે. નીચે દર્શાવેલા લોનધારકો અને સહ-લોનધારકોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને ખાતા અનિયમિત બન્યા હોવાથી આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેઓની ચૂકવવાપાત્ર બાકી રકમ નીચેના કોષ્ટકમાં વિગતવાર વર્ણવ્યા મુજબ જારી કરાયેલી સંબંધિત નોટિસો અનુસાર દર્શાવવામાં આવી છે અને સદરહુ રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ થશે અને તે સંબંધિત તારીખોથી કરારબદ્ધ દર મુજબ વસૂલવામાં આવશે.

અ. નં.	લોન ખાતા નં.	લોનનો પ્રકાર	લોનધારકો અને સહ-લોનધારકોના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી નીકળતી રકમ
1	15257293	હોમ લોન	1. ચંદ્ર શેખર 2. અમરાવતી દેવી	10.06.2026	INR 13,09,074.13/-

મિલકતનું સરનામુંઃ પ્લોટ નં. ૧૨૪વાળી મિલકતનો સમગ્ર ભાગ અને હિસ્સો, જે સાઇટ મુજબ ૫૩.૩૫ ચોરસ મીટર, પાસિંગ પ્લાન મુજબ ૫૮.૩૬ ચોરસ મીટર છે, જે "કાવ્યા રેસિડેન્સી વિભાગ-બી"માં રોડ અને સી.ઓ.પી.ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, રેવન્યુ સર્વે નં. ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩/૧, ૨૩૩/૨, ૨૩૪/૧, ૨૩૪/૨, બ્લોક નં. ૩૦૨/બી, મોજે/ગામઃ મુલાદ, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૧૧૦ ખાતે આવેલી છે, અને જેની ચતુર્દિશાઃ પૂર્વઃ સોસાયટીનો રોડ, પશ્ચિમઃ સોસાયટીનો કોમન પ્લોટ, ઉત્તરઃ પ્લોટ નં. ૧૨૩, દક્ષિણઃ પ્લોટ નં. ૧૨૫.

તમને આથી ઉપરના કોષ્ટકમાં દર્શાવેલી વિગતો અનુસાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમની સંબંધિત તારીખોથી તેના પરના કરારબદ્ધ વ્યાજના દર અને અન્ય ખર્ચ, ચાર્જીસ વગેરે સાથે, આ પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર રકમ ચૂકવવા માટે જણાવવામાં આવે છે, તેમ કરવામાં નિષ્ફળ જશે તો, અધોસ્વાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને લેણી નીકળતી રકમ વસૂલ કરવા માટે ઉપર દર્શાવેલ ગીરો મિલકતો સામે સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવા માટે બંધાયેલા રહેશે. વધુમાં, સદરહુ એક્ટની કલમ 13 (13) હેઠળ તમને સદરહુ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/ભાડાપટ્ટે અથવા અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખઃ 24.06.2026
સ્થળઃ સુરત, ગુજરાત